

# કલાકારોનું સ્વર્ગઃ જાપાન

મારી તો એવીકલ્પ્ના હતી કે જાપન તો થોકબંધ માલ વિદેશોમાં મોકલનાર દેશ છે. અને ત્યાં હરીફાઇઓનો જ પ્રભાવ હશે. પરંતુ જાપાનનું પ્રતયક્ષ અવલોકન કરતા મારી એ કલ્પ્ના સ્વપ્નવત્ લાગી, વ્યપાર ને હોડ તો દરેક દેશ કરે છે, પણ જાપાન તો કલા કારીગરીમાં યક્ષભૂમિનો ખ્યાલ આપે છે. ત્યાં એકએક સ્થાન પર કલાના સુંદર નમૂના જોવાને મળે છે. તે જોતાં વિલાપ થતોકે દુનિયા માણસ ધારે તો કેવી બનાવી શકાય તેનો નમૂનો જોવાને જાપાનનો પરિચય અને પરિજ્ઞાન મેળવવાં જાઇએ. કેવળ વેપાર ધંધા માટે જાપાન જનારા આપણા દેશબન્ધુઓ ભાગ્યેજ જ જાપાનની વાસ્તવિક કલા જોતા હશે. જાપાનથી આવતા જે નમુનાઓ અહી જોવા મળે છે તે તો ત્યાં રદ્દી કાગળોના હિસાબમાં ખપે છે મેં ત્યાં જે જાયું તેથી લાગ્યુંકે જાપાની યાત્રા મારે પંદર વર્ષ પહેલા કરવી જોઇતી હતી. જો એમ બની શકયું હોયતો આજે હું દેશની સવિશેષ સેવા કરી શકયો હોત.

જાપાનના જીવનમાં કલા પ્રાણવાયુની પેઠે વ્યાપી રહી છે. સ્વાભાવમાં,વાણીમાં અને પોતાના સર્વક્રિયા-વ્યવહારમાં જાપાનની પ્રજા લાલિત્ય અને શોભા સંપાદન માટે વિશેષ આગ્રહ રાખે છે. ઘરનાં પુષ્પત્રોની સજાવટમાં તથા બગીચામા નવનિર્માણ કરવાનો તેઓ બહુજ આગ્રહ રાખેછે, એમના દરેક કાર્યમાં મનોરમ્ કલ્પના અને સુંદર કલાતત્વ અવશ્ય દેખાઇ આવછે. અને એવાં બધા કાર્યોમાં ચિત્રકાર અગ્રનાયક હોય છે. ચિત્રકલા ત્યાં પ્રજાની કલા બની ગઇ છે કોઇના ઘરમાં છાપેલું ચિત્ર કે મફત મેળવેલુ સચિત્ર કેલેંડર કે બજારૂ ચિત્રોનો ઠઠેરો જોવામાં નહિ આવે પ્રત્યેક ગૃહસ્વામી પોતાના શોખ અને શકિત અનુસાર હાથે દોરેલાં ચિત્રો સંઘરે છે. અને ઘરના મુખ્ય ખંડમાં બહુ આકર્ષક રીતે એ હેતુ માટે જ રાખેલા ગોખમાં તેમાનું એક જ ચિત્ર ટાંગે છે, લાંબા પડદા જેવા આ ચિત્રોને બાકીમોનો કહે છે. આપણા કબાટોના એક બારણા જેટલી તેની લબાંઇ પહોળાઇ હોય છે. અને નીચેથી ઉપર નકશાની જેમ વીંટી લેવાય છે. બેંઉ છે લાકડાની બનાવટની સુંદર દાંડીઓ હોય છે. ચિત્રની આસપાસ સુંદર રંગબે રંગી પટ્ટીઓના સુંદર હાંસિયા દોરવાનું અને દાંડીઓ લગાવવાનું કામ કરનાર ચિત્રકાર સિવાય એક જુદોજ વર્ગ ત્યાં છે. તેઓ ચિત્રના રંગ અને લક્ષણ સમજી તેને અનુરૂપ સજાવટ કરી આપછે.

જાપાનમાં ચિત્રકાર તરફ બહું સન્માનની દ્રષ્ટિ જોવામાં આવે છે. વ્યપારી કે રાજનૈતિ પુરુષો કરતા કલાકાર અને શિક્ષક ને વધુ આદર મળે છે. કલાકારો અને કલ્પનાકા (ડીઝાઇનરો)બહું યોગ્ય પ્રકારે નિર્વાહ મળી રહે છે. બહુનાના ચિત્રકારોની આવક જિલ્લાના પ્રોફેસરો (કમિશ્ન જેવા)થી પણ વધી જાયછે.

**સમસ્ત જાપાનના ચિત્રકારોનું એક મોટું સંગઠિત મંડળ છે. તેનું નામ જાપાન હેમકાન છે.** આ ચિત્રકાર મંડળી બહુ વગદાર છે. અને શિક્ષણ વિભાગના રાજમંત્રી પણ તેની દહેસત



રાખે છે. સમસ્ત જાપાનના કલા વિષયક શિક્ષણની યોજના પણ આ મંડળ વિચારે છે. ત્યાની પ્રત્યેક પ્રાથમિક શાળાનું શિક્ષણ બહુ ધ્યાનપૂર્વક ગોઠવાયુ છે.

**પ્રત્યેક ચિત્રકલા શિક્ષક ટોકિયો (જાપાનની રાજધાની) ની સરકારી શાળાનો સ્નાતક હોવો જોઇએ કલામંડળનો પ્રત્યેક કલાકાર સાર્વજનિક પ્રસંગોમાં તેમના ધંધાને પ્રદર્શિત કરનાર એક ખાસ પોષાક પહેરે છે.** જેથી લોકો તને ઓળખીને તેને યોગ્ય સન્માન આપે છે. ચિત્રકારોના બીજા નાંના મોટાં મંડળો અનેક છે. અને કળાને લગતાં પત્ર,પત્રિકાઓ ઘણી બધી વિવિધ સજાવટ અને સામગ્રી સાથે પ્રગટ થાયછે. તે યુરોપિયન કે અમેરિકન પ્રકાશનોથી જરાય ઉતરતાં હોતાનથી.

દરેક મુખ્ય શહેરમાં વિશાળ રાજમહેલ જેમા મકાનો ખાસકળા પ્રદર્શનો માટે જ બાંધવામાં આવે છે. વર્ષમાં બે તો મોટાં પ્રદર્શન થાયછે, સિવાય મોટા મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સૌથી ઉપરના માળે પુષ્પપાત્રો માકીમોનોનાં પ્રદર્શન વખતોવખત થાય છે. પાંચ દશ ચિત્રકારો,પોતાના વાડાનાં પ્રદર્શનો ગામોગામ ફરતાં રાખે છે. ચિત્રોની ખપત પણ સારી થાયછે. હોટેલો,રેસ્ટોરાં અને અન્ય સાર્વજનિક સ્થળોમાં ચિત્રોનો સારો સંચય થાયછે. ત્યાનાં વિશ્વવિદ્યાલયો પણ કલા, શિક્ષા અને પ્રોત્સાહનમાં બહુ આયોજન અને વ્યય કરે છે. કોયાસાન વિશ્વવિદ્યાલય માટે ચિત્રો કરનાર કયોલેના કલાકાર ઇશીયાકીની મુલાકાત કરવાનો સુયોગ મને મળ્યો હતો. એમની સાથે વાર્તાલાપ કરતા હું જાણી શકયો કે તે બધા વચ્ચે પ્રેમ સહૃદયતાથી સાથે રહે છે, અને પરસ્પર ખૂબ સહકાર કરે છે.

જાપાનના ચિત્રકારોનું ગૃહસ્થજીવન બહુ ઉચ્ચપ્રકારનું લાગ્યું. એમની ગણના સુશિક્ષિત, શિષ્ટ અને સંસ્કારી વર્ગમાં થાય છે. કલાના વિષયમાં જાપાનના સક્ષ્મ પરીક્ષણ અને વિવેચનો થયાં જકરે છે. અને તેનું વિપુલ સાહિત્ય પણ ત્યાં રચાયુ છે. પણ એ બધુ જ જાપાની ભાષામાં હોઇ પરદેશીને અપ્રાપ્ય રહે છે, જાપાની જનતાનો સામાન્ય વર્ગ પણ કલાના ઉન્નત તત્વોથી સૃપરિચિત છે. પોતાના કુશળ કલાકારોની શકિત અને યોગ્યતાની સમજ હોવાથી જ તેઓ તેમને યોગ્ય માન આપે છે. ત્યાનાં સર્વ ઉધોગધંધા અને કારીગરીની પાછળ કલાકારોની કલ્પનાનું શાસન છે, તેથી  જ પ્રત્યેક કૃત્તિ સુરચિત, સુરમ્ય અને સંસ્કાર સંપન્ન  બને છે.

જાપાનમાં કોઇ પણ ઠેકાણે કોઇ પણ ઘરમાં કે સાર્વજનિક સ્થળમાં વિદેશી ચિત્રકારોનાં ચિત્રો જોવામાં આવતાં નથી. જાપાનનોજ કલાને પ્રથમ આદર મળે છે. તો પણ યુરોપની કલા અને કાલકારો વિષે અગણિત પુસ્તકો અનુવાદરૂપમાં અને ચિત્ર સંગ્રહરૂપમાં જાપાની ભાષામાં પ્રગટ થયેલા હોય છે. અને તે કાલાકારોને સુપ્રાપ્ય છે, એ બધાના અભ્યાસ અને મનનથી તેઓ સ્વદેશી,કલાશિક્ષણ અભ્યાસ વગેરેમાં પ્રગતિ સાધી રહ્યા છે.



જાપાની ચિત્રકલાનાં મૂળ ચીનની કળામાંછે, અને તેમા મુખ્યત્વે તૂલિકા (પીંછી)નું ચાતુર્ય વકાસ પામ્યુ છે. તેના ખાસ વિષયો પ્રકૃત્તિના અનેક રૂપો સૂક્ષ્મ છાયાઓ અને તત્વો ચિત્રિત કરવામાં તેનો પ્રયોગ થાય છે. પુષ્પો અને પત્રો કે વૃક્ષડાળો પર કીડા પતંગિયા બેઠા હોય કે ઉડતા હોય પચંડઘોધ નિર્ઘોષ કરી રહ્યા હોય, પંખીઓ ડોલતી કે ઝૂલતી ડાળો પર રુદ્રગાન કરતાં હોય એવા દ્રશ્યો ઉપર જાપાની પ્રજાનો ખૂબ પ્રેમ હોય છે.

માનવકૃત્તિઓ ચિત્રિત કરવાનો ક્રમ બૌધ્ધધર્મના કલા પરિચય પછી પ્રચાર પામ્યો હોય એવું લાગે છે. નારાનગરની પાસે હોસયજીના મંદિરની ભીંત પર કરેલા ચિત્રો ઘણે અંશે ભાવની અજન્તાની શૈલીના વારસદારો છે એવું સ્પષ્ટ લાગે છે. જાપાન બૌધ્ધધર્મ  બહુ આદર અને શ્રધ્ધાથી પાળે છે. જાપાની કલામાં એક,બે કે થોડા વધુ ઝટકાથી ચિત્ર બનાવી દેવામાં ઘણી કુશળતા સમજે છે, અને તે પ્રકારની નિપુણતા બતાવવા ચિત્રકારોની સ્પર્ધાઓ જલસા થાય છે.

યુરોપની કલાની કલાઓનું અધ્યયન કરવામાં પણ જાપાની લોકો જરાય ઓછા ઉતર્યા નથી. યુરોપની કળાના મર્મજ્ઞો ક્રિયાબલિષ્ટ કલાકારોના ત્યાં એક મોટો વર્ગ છે. પરંતુ તેમને હજુ અસલ જાપાની કલાકારો જેટલી પ્રતિષ્ઠા મળી નથી. યુરોપના અનેક નગરોમાં તેઓના ચિત્રો રજૂથાય છે. અને પ્રસંશા પામે છે.

ટોકિયોની કલાપરિષદ અને કયોટાની કલાશાળાના અધ્યાપકો, છાત્રો અને અન્ય કેટલાક મિત્ર ચિત્રકારોએ મને એક અતિથિ સ્વીકાર તરીકે બહુ સગવડો અને સમાગમની સુંદર તકો આપી હતી. ભારતના કલાસાધકોને એમના સંબધોથી જરૂર લાભ થાય એવુ છે.જાપાનના કલાકારોના ચિત્રકાર્ય માટે યુરોપિયન કુટુંબના રંગ, કાગળ,કેનવાસ વગેરે તૈયાર કરનાર બે મોટી પેઢીઓ છે. હિંદુસ્તાનમાં તો ચિત્રકારોને કામની કાળી શાહી પણ કોઇ બનાવી શકતું નથી એવીમને ત્યાં ચર્ચા કરતા બહુ લજ્જીત થવું પડતું.

ટોકિયોમાં સ્ત્રી અને કન્યાઓ માટે એક સરકારી કલાશાળા અને કલ્પના ભવન,(ડીલગળી કોલેજ)છે. આખા દેશમાં ખાનગી શાળાઓ પણ સેંકડો છે. ત્યાં ગરીબ વિદ્યાર્થીઓ, મજૂરો રાત્રે ચિત્રકારી શીખે છે અને પોતાની પ્રગતિ કરેછે. મારા મિત્ર બનેલા એક બે ચિત્રકારોને ત્યાં રાત્રે ૭૫ થી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ આવતા હતા.,

ટોકિયો અને કવાયોટોમાં મારી મુલાકાતની ખબર ત્યાંના ઓસાકમાઇનીસ નામના દૈનિક પત્રો નિયમિત પ્રકટ કરતાં. **'આશાહી' પત્ર લંડન ન્યૂસ જેવું સચિત્ર સાપ્તાહિક છે. 'હોમી'છે. ટોકિયોનું દૈનિક 'અગ્રપત્ર' છે.** દરેકની  પંદર લાખથી વધી ત્રીસ લાખ સુધીની પ્રતો રોજ છપાતી હતી અસને એરોપ્લેનથી તેના સંસ્થાનોમાં રોજ પંહોચી જતી હતી. સએ બધાએ મારી મુલાકાતો  ચિત્ર સાથે પ્રકટ કરીલી તેથી આફ્રિકામાં રહેતા હિંદીઓ જાપાની મિત્રો પાસેથી મારા ખબરો પામેલા પત્રકારોએ ચિત્રકાર માટે બહુ પ્રેમ સદભાવ બતાવ્યો હતો.



કલાકારનું જીવન કેટલું ધન્ય છે તેનો પ્રત્યક્ષ અનુભવ મને જાપનમાં થયો. **જાપાનના એક ચિત્રકાર 'કાત્સુટા' ભારતમાં આવી શિલ્પાચાર્ય આવનીન્દ્રનાથના મહેમાન થયા હતા. તેમને મળ્યો ત્યારે તેમણે કહ્યું હતુ કે ભારતવર્ષ પોતાના કલાકારોને પીછાની શકતુ નથી.**



**કલાચિંતન**



(બીજી આવૃત્તિ માંથી-૧૯૭૨)

✷-લેખક-✷

**શ્રી રવિશંકર રાવળ,**

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

ગુજરાત રાજ્ય, અમદાવાદ

**સંકલનઃ**

**એલ.જે.કણઝરિયા**

ડાયટ-રાજકોટ